# સકારાત્મક એક્શન પોલિસી

ટાટા પાવર સામાજિક સમાનતાને તથા આર્થિક રીતે પછાત વર્ગોના, ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, દિવ્યાંગો અને હાંસિયામાં ધકેલાયેલા સમુદાયો (એએ ગ્રુપ) ની મહિલાઓને સક્ષમ તથા સશક્ત કરે તેવી તકોને પ્રોત્સાહન આપવામાં માને છે. કંપની માને છે કે કામના સ્થળે વિવિધતા તેના વ્યવસાય, ભાગીદારીઓ અને ભવિષ્યની તૈયારીઓ પર હકારાત્મક અસર કરે છે. ટાટા પાવર સમાજના એએ ગ્રુપના શિક્ષણ, રોજગાર, નાણાંકીય તથા ડિજિટલ સમાવેશકતાને સુધારવા માટે તેના તાલીમ સંસાધનોને શક્ય એટલી રીતે સ્વેચ્છાએ પૂરા પાડશે. ટાટા પાવર ઇન્ડસ્ટ્રીયલ વેલ્યુ ચેઇનમાં સમાવેશિતા અને ઉદ્યોગસાહસિકતા માટે એએ ગ્રુપને સશક્ત તથા પ્રોત્સાહિત કરશે.

સકારાત્મક એક્શન પોલિસીના મુખ્ય સિદ્ધાંતો

- ટાટા પાવર એ માન્યતાને દ્રઢ સમર્થન આપે છે કે તેની સ્પર્ધાત્મકતા સમાજના તમામ વર્ગોની સુખાકારી સાથે જોડાયેલી છે.
- ટાટા પાવર માને છે કે વિવિધતા અને સામાજિક સમાવેશકતા તેની વૃદ્ધિ અને સ્પર્ધાત્મકતામાં સહાયક પરિબળ છે
- ટાટા પાવર એ માન્યતાને દ્રઢ સમર્થન આપે છે કે કામના સ્થળે સમાજના સામાજિક રીતે પછાત વર્ગોને રજૂ કરતી વિવિધતા વ્યવસાય પર હકારાત્મક અસર કરે છે.
- ટાટા પાવર જરૂરી તાલીમ અને ક્ષમતા નિર્માણ પૂરી પાડીને એએ સમુદાયોની કુશળતા વધારવા માટેના તમામ પ્રયાસો કરશે.
- ટાટા પાવર એએ સમુદાયોને ટેકો આપવા માટે સંબંધિત સંસ્થાનો સાથે ભાગીદારી કરશે.
- ટાટા પાવર સમાજના વંચિત વર્ગોના સભ્યોને નોકરી તથા આજીવિકા માટેની સમાન તકોને પ્રોત્સાહન આપશે.
- ટાટા પાવરની વ્યાપારીક ભાગીદારોની પસંદગી નિયમિત વ્યવસાય માપદંડોના આધારે કરાશે. જો તમામ માપદંડો સમાન જણાશે તો કંપની એએ ગ્રુપના વ્યાપારીક ભાગીદારોને હકારાત્મકપણે પ્રાથમિકતા આપશે.

(પ્રવીર સિંહા)
સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર

તારીખ: 14 જાન્યુઆરી, 2025